





કોઇ સિદ્ધિ વિના પ્રચારનો માર્ગ લાધ્યો છે
કોળિયો નથી ખાવાને, ત્યાં કંસાર રાંધ્યો છે,
પાઢ્યો છે એણે હાથે કરીને આતંકનો ભય -
ખોટા વટ ખાતર, ઓબામા-હાથી બાંધ્યો છે
(૨૬-જાન્યુ ના પધારશે)

ફસાયાં જાળે
આશાનું 'કિરણ' તો
રહેશે બે'દી
(ભાજપની ઢાલ)

હંકારે નાવ,
હવે મર્જી મુજબ -
બિહારી માંઝી..
(નિતીશ કી બિલ્લી..)




## ચિંતન

**અર્થી લાઘવ મુરિછ્રૂ તો નિપતનં કામાતુરો લાંછનમ્ । નિઃસ્વો વંચન મુન્મના વિકલતાં દોષાકુલઃ સંશયમ્ । લુબ્ધો અકીર્તિમસંગરઃ પરિભવં દુષ્ટો અન્યદોષેરતિં દુર્વાગ પ્રિયતાં દુરોદરવશઃ પ્રાપ્નોતિ કષ્ટં મુહુઃ ॥**

ભિખારી સદાય અપમાનિત થાય છે, અને પદ અભિમાન, અન્યાયોથી ઉંચે ચઢેલો માણસ નીચે પડે છે. અર્થાત તેનું પતન નિશ્ચિત જ છે, નિર્ધન માણસ પૈસા પામવાની અને જલદી ધનિક થઇ જવાની ખેવનામાં છેતરપીંડીમાં ફસાય છે. કામ-વાસનામાં કામાતુર બનેલો માણસ ભાન ભૂલી જાય છે અને કલંકિત થઇ લાંછનને પામે છે.

અસ્થિર મનથી આકુળ-વ્યાકુળ રહેતો માણસ વિકળ દશામાં અવદશાને પ્રાપ્ત કરે છે અર્થાત કોઇ પણ કાર્ય શાંત ચિત્તે-સ્થિર મને નિશ્ચિત રીતે-ઉત્સાહથી કરવું જોઇએ. નહીં તો નિષ્ફળ જવાય.

દોષથી ભરેલો માણસ સંશયને પામે છે. નિર્દોષ-સ્પષ્ટવક્તા વ્યક્તિની નિખાલસને કારણે તેને સહકાર મળી રહે છે તેના તરફ કોઇને દ્વિધા રહેતી નથી. લોભી માણસ અપકીર્તિને પામે છે, લાંચલેનારા સાહેબો-પ્રધાનો, એકના ડબલ કરનારા, કૌભાંડીઓ લોભમાં આંખ મીંચી કૌભાંડો કરે છે અને અપકીર્તિ પામી જેલ જાય છે. યુદ્ધ નહીં લડનારો બધી રીતે હારે છે. વાંકદેખો બધાના દોષ જુએ છે. દુષ્ટવાણી બોલનારા હડધૂત થાય છે, પાપી કષ્ટ ભોગવે છે.

## સુવિચાર

- 'ઉપકાર' મિત્ર હોવાનું ફળ છે, અને 'અપકાર' શત્રુ હોવાનું લક્ષણ **- કાલિદાસ**
- જીભની સરખામણીમાં તમારી આંખોને વધારે તેજ રાખો **- મિલ્ટન**
- કોઇ ભલો માણસ કયારેય અચાનક જ માલદાર નથી બની ગયો **- એસ. ભટ્ટાચાર્ય**
- બ્રહ્માંડમાં કોઇ વધારાનું નથી, દરેકે એક ખાલી જગ્યા પુરવાની છે, દરેક જણ માટે ભગવાને યોગ્ય જગ્યા બનાવી છે **- ડો. દિપક ચોપરા**
- ઇશ્વર મટાડે છે.. પણ ફી દાકતર લઇ જાય છે **- ફ્રેન્કલીન**
- અપ્રમાણિક માણસો શબ્દોમાં માને છે.. વાસ્તવિકતામાં નહિ **- સુરેશ દલાલ**
- માણસે પણ થોડા થોડા સમયાંતરે પોતાના 'સ્વાવલંબન' ના સેલ્ફી લેતાં રહેવું જોઇએ **- કાજલ ઓઝા**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે આપણી ફરજ-કર્તવ્ય-નિષ્ઠાપૂર્વક બજાવવી જોઇએ. પેલો કેમ કંઇ નથી કરતો. આ કામ મારું નથી. આ કામ એનું છે વગેરે બહાના બતાવ્યા વિના ઘર-પરિવાર-સમાજની આપણાથી થાય તે સેવા કરવી. એની કોઇ નોંધ લે કે ન લે, એ પોતાની ફરજ બજાવે કે ન બજાવે એ ઇશ્વર જોસે. આપણું એ જોવાનું કામ નથી.

એક જૂની-જાણીતી વાર્તા છે.

એક મહાત્મા નદીમાં વચ્ચે નાહતા હતા. હાથની અંજલિ બનાવી પાણીનું અર્ઘ્ય આપતા હતા. ત્યાં હાથમાં વીંછી આવ્યો. ડંખ માર્યો.

સંત એને ઊંચકી કિનારે મૂકવા જતા હતા. પણ વીંછી પાણીમાં પડી ગયો. સંત એને ફરી ઊંચક્યો. ડંખ માર્યો - ફરી પડ્યો - આવું પાંચ-છ વખત બન્યું.

કાંઠે એક માછીમાર મહાત્માની આ પ્રક્રિયા જોતો હતો એણે કહ્યું - બાબાજી, તમને વીંછીએ આટલા બધા ડંખ માર્યા છતાં તમે એને બચાવી કાંઠે મૂકવાની ચેષ્ટા કેમ કરો છો? એ તો ડંખ મારવાનો જ છે - એને શા માટે બચાવો છો?

સંત કહે - ભાઇ! દુષ્ટ માણસ પોતાનો સ્વભાવ ન બદલાવે - તેથી કરીને શું આપણો સ્વભાવ બદલી નાખવો?!

બૂરો ભલે બૂરાઇ કરે, પણ આપણે આપણી ભલાઇ નીતિ-સારાપણું ન છોડવું જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# જે અભિવ્યક્તિ જે વર્ણન માતૃભાષામાં થઇ શકે છે તે અંગ્રેજીમાં શક્ય નથી

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

## આપણે અને આપણી માતૃભાષા

આવ ગિરા ગુજરાતી! તને અતિ શોભિત હું શણગાર સજાવું,
જાણતી પાસ વખાણ કરાવું, ગુણી જનમાં તારી કીર્તિ ગજાવું,
ભારત વર્ષ વિશે બીજી ભારતી માનવતી તણું માન તજાવું
દલપત કહે ભભકો તુજ જો ભલિભાત ભજાવું,
પ્રભુની સહાયતાથી પણ પાર પડી શકું,
સંપૂર્ણ જોઇએ સ્વદેશીની સહાયતા
વિદ્વાન મંડળ મળીને મંડે એ જ કામ
ચિત્તમાં ધરીને નિજ ભાષાની સહાયતા
ગૂંથીને અનેક ગ્રંથ સુધારો-વધારો કરે
નિશ્ચલ થઇને નિત્ય આપણે જો ન્યાયતા
કહે દલપત તો જ થાય પુરું કામ
એ વિના તો અન્ય નથી સૂઝતી ઉપાયતા
સ્વદેશી સુધારવાની સભાનો હું સભાસદ
સુભોદક સજ્જનોના સાથમાં શામીલ છું
ચૌટામાં લૂંટાણી મહારાણી ગુજરાતી વાણી
જાણી તેનું દુઃખ ઘણો દિલગીર છું....
હિંદી અને મરાઠી આજ પામી છે પ્રતાપ પ્રૌઢ
સ્વદેશી શિથિલ રહી, તે દેખીને શિથિલ છું,
કહે દલપત : 'રાજાધિરાજ ! સુણો
રુડી ગુજરાતી રાણી વાણીનો વકીલ છું,
વાણી ગુજરાતી રુડી, રાણી જાણી આજ
હું વજીર તેનો બની; કરું તેનું શુભ કાજ.'

**- મહાકવિ દલપતરામ**

દલપતરામનું આ કાવ્ય વાંચીને વિચાર આવે છે કે સમય હજુ બદલાયો નથી... ત્યારે પણ 'સ્વદેશી ગુજરાતી રાણી' માટે દલપતરામે વકીલ બનવું પડ્યું હતું... આજે પણ આ પર્વ નિમિત્તે ફરી માતૃભાષાના માતબર વકીલોને - માતૃભાષા પ્રેમીઓને હાકલ કરાઇ રહી છે...

સૌ પ્રથમ આપણે આપણી ભાષા ઉદ્ભવ વિશે જાણી લઇએ... ઉત્તરે પાકિસ્તાન અને રાજસ્થાન અને પૂર્વે મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્ર પશ્ચિમે અરબ સમુદ્ર તેની વચ્ચેનો ભૂમિભાગ તે હાલનું ગુજરાત.

ગુજરાતનું નામ 'ગુર્જર જાતિ' સાથે સંબંધ ધરાવે છે. શકકુળની આ જાતિ પાંચમાં શતકના ઉત્તરાર્ધથી છઠ્ઠા શતકના પૂર્વાર્ધ સુધીમાં ભારતમાં પ્રવેશીને દક્ષિણ પંજાબમાં થઇ રાજપૂતાનામાં સ્થિર થઇ. ત્યાંથી એ ઉત્તર દિશામાં શરૂ થયેલા મુસલમાની આક્રમણોથી બચવા અત્યારના ઉત્તર ગુજરાતમાં આવી વસી હતી. ગુર્જરોને આશ્રય આપનારો પ્રદેશ 'ગુર્જરત્રા - ભૂમિ' નામથી ઓળખાવા લાગ્યો... એ પ્રદેશને 'ગુજરાત' નામ મુસ્લિમ અમલમાં મળ્યું. આ ગુજરાતની ભાષા તે ગુજરાતી...

અલબત્ત ગુજરાતી ભાષા ગુર્જરો સાથે આવી નથી. એ ભારતની આર્યકુળની જ ભાષા છે. ગુજરાતી ભાષા ક્રમશઃ વૈદિક ભાષા સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશના વિકાસ તબક્કાઓમાંથી પસાર થતી થતી જૂની ગુજરાતી અને ત્યાર પછી આજની ગુજરાતી તરીકે અવતીર્ણ થઇ.

ગુજરાતી અર્વાચીન ભૂમિકામાં પ્રવેશી એ જ સમય તેના 'ગુજરાતી' એવા નામકરણનો છે. એ પૂર્વે ભાલણે 'અપભ્રંશ' અને પછી 'ગુર્જરભાષા' અને પદ્મનાભ અને અખાએ 'પ્રાકૃત' કહીને જ ઓળખાવી છે. સૌ પહેલા પ્રેમાનંદે એને ઓળખાવી 'ગુજરાતી' તરીકે ઓળખાવી તેવા ઉલ્લેખ મળે છે.

'બાંદુ નાગદમણ ગુજરાતી ભાષા' (દશમ સ્કંધ)

ગુજરાતી માતૃભાષા વિશે આટલી વિગત જણાવવાનું કારણ એ છે કે, જે સંસ્કૃતિનો ભૂતકાળ ભવ્ય રમ્ય હોય, તેનો ઉદ્ભવ તેનો વિકાસ જો આજે વર્તમાનમાં અત્યારે આપણે ગુજરાતી હોવાના નામે સમજીને ગર્વ અનુભવી શકીએ તો અને તો જ આપણી માતૃભાષાનું ભવિષ્ય સોનેરી બની રહેશે...

કવિવર ટાગોર લખે છે કે "શિક્ષણ તો આહાર જેવું છે." પહેલા જ કોળિયે સ્વાદનો આનંદ મળવો જોઇએ. માતૃભાષામાં એવું બને છે... અન્ય ભાષાના શિક્ષણમાં એવું બનવાનો સંભવ નથી. તેના તો પહેલાં જ કોળઇયે બત્રીસે દાંત હાલી ઊઠે છે. ધરતીકંપ થઇ જાય છે.'

આ દૃષ્ટિએ દરેક વ્યક્તિને પોતાની માતૃભાષા માટે ગૌરવ હોવું જ ઘટે. હું જે ભાષામાં સપનું જોઉં છું, મેં જે ભાષામાં પ્રથમ હાલરડું સાંભળ્યું છે, તે ભાષા માતાના ખોળા જેવી પવિત્ર છે... માતૃભાષામાં બોલવું, લખવું અને તેનું શિક્ષણ મેળવી તેનું રક્ષણ કરવાની આપણી ફરજ છે...

ગુજરાતમાં ગુજરાતી ભાષામાં જે અંગ્રેજી શબ્દોનું કચુંબર ભળવા માંડ્યુ છે, તેની ગંભીરતા સમજવા જેવી છે...

હમણાં અંગ્રજી માધ્યમનાં પહેલાં ધોરણમાં ભણતા એક છોકરાની મમ્મી તેને કૃષ્ણની વાર્તા કહેતી હતી - 'કૃષ્ણનો રંગ ડાર્ક હતો. તેને બટર બહુ ભાવે, ફ્રિજ ખોલે બંધ કરે અને બટર ખાઇ લે... આખો દિવસ બોલથી રમ્યા કરે... એક દિવલ બોલ રિવરમાં પડ્યો...' ક્યાં જઇએ છીએ આપણે!

અહીં અંગ્રેજી ભાષા સામે વાંધો નથી. સોરી અને થેંક્યું, પ્લીઝ અને એક્સક્યુઝમી વગર આપણને ચાલતું નથી. વાંધો શબ્દો સામે નથી, પરંતુ તેને બળજબરીથી વાપરવાની ઘેલછા સામે છે...

જૈન મુનિ ઉદયવલ્લભ વિજયજી સાથેનો વાર્તાલાપ ક્યાંક વાંચ્યો હતો - પ્રશ્ન પૂછે છે કે "અંગ્રેજી મિડિયમ અને ગુજરાતી મિડિયમ વચ્ચે શું ફરક છે? આ સાંભળી ઉદય વલ્લભજી તરત કહે છે કે : ગુજરાતીમાં 'આવરે વરસાદ, ઢેબરીયો વરસાદ... ઊની ઊની રોટલી ને કારેલાનું શાક...' જેવી કવિતા ભણીએ છીએ. આ કવિતામાં વરસાદને વહાલભર્યું આમંત્રણ આપીએ છીએ. આનાથી વિપરીત કવિતા અંગ્રેજીમાં ભણાવાય છે - 'રેઇન રેઇન ગો અવે, જોની વોન્ટ્સ ટુ પ્લે!' અહીં વરસાદને પાછો કાઢવાની વાત છે... બસ માતૃભાષા અને અંગ્રેજીમાં આટલો જ તફાવત છે... "

જે અભિવ્યક્તિ જે વર્ણન માતૃભાષામાં થઇ શકે છે તે અંગ્રેજીમાં શક્ય નથી, આપણી લોકબોલીમાં જે પણ પ્રાણશક્તિ છે તે અંગ્રેજીમાં નથી... રવિન્દ્રનાથ ટાગોર જેવા સર્જકે પણ સૌ પ્રથમ માતૃભાષા બંગાળીમાં જ લખ્યું... પછી તેનો અનુવાદ કરી વિશ્વ સમક્ષ મૂક્યો... તેમણે સીધેસીધું અંગ્રેજીમાં કેમ ન માતૃભૂમિ બદલી શકાતા નથી...

નવી પેઢી તો બાળક 'ધીંગાણુ' શબ્દ વર્ગમાં પ્રયોજાય ત્યારે બાઘો બની જોયા કરે છે... મેઘાણી મડિયા કે પન્નાલાલના પાઠ વર્ગમાં સમજાવતા સમજાવતા શિક્ષકને નેભે પાણી આવે છે... 'પાળિયો' શબ્દ બાળકને સમજાતો નથી. 'પાદર' એણે જોયું જ નથી...

અમુક શબ્દો, અમુક વર્ણન જે આત્મયીતા માતૃભાષામાં સંભવે છે, તેવી સમર્થતા બીજા પાસે નથી. 'હડીયા પાટી' કરવી એટલે દોડાદોડી કરવી, પણ હટી કાઢવામાં જે ગતિ છે, તે રનિંગ શબ્દમાં નથી... અદ્દલોઅદલ 'હડીયા પાટી' નો અર્થ સંકેત સ્પષ્ટ કરતો કયો શબ્દ અંગ્રેજીમાં મળી આવે છે?

અને વળી અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકો શેક્સપિયર નથી વાંચતા, ગટે કે ચાર્લ્સ ડિકન્સથી તો દૂર જ ભાગે છે... વર્ડઝવર્થની કવિતાનું સૌંદર્ય તેઓ માણી શકતા નથી. કારણ કે તેની માટે પહેલાં કલાપી કે ઉમાશંકર જોષીની રચના સમજવી જરૂરી છે... પરંતુ તેમને શેમા રસ છે? જયાં ને ત્યાં 'પોતાને અંગ્રેજી આવડે છે' ની છાપ મૂકવામાં રસ છે.

આપણે કેવું અંગ્રેજી-ગુજરાતી બોલીએ છીએ - અમે તો બહુ ફાઇન છીએ, તમે કેમ છો? ઇવનીંગ ટાઇમે વોક લેવાની બહુ મજા આવે છે. સાચું કહું તો આઇ હેવ નો ટાઇમ... અમે ટ્યુઝડેના તો ભદ્રકાળી ટેમ્પલ જઇએ જ. રવિવારે ઇવનીંગમાં ડિનર તો બહાર જ લેવાનું.... હાય.. ફ્લાણા... બાય... ઢીકણાં... સોરી બ્રો.... બાપરે તોબા.

સહજ રીતે અંગ્રેજી શબ્દો આવે એવો વાંધો નથી... પણ જે રીતે આવે છે તેનો વાંધો છે. આવું અંગ્રેજી બોલીશું તો સામેવાળાને આંજી નાખીશું, આપણો વટ પડી જશે, આવા વહેમમાં રહીને આપણે ગુજરાતીઓએ જ ગુજરાતી ભાષાને પીંખી નાખી છે...

... અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે... તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરવામાં આપણને વધુ શરમ લાગવી... જોઇએ.

**- ગાંધીજી**

અંતે મહાકવિ દલપતરામની જેમ માતૃભાષાના વકીલ બનવાની તો આપણી લાયકાત નથી પરંતુ તેના સેવક બનીને ગુજરાતીપણું ઉજાળીએ...

# લોક ભીડને ચીરતો હું જરા આગળ વધ્યો, મંચસ્થ મહાનુભાવો અને ધ્વજવંદના જોવા હું ઉત્સુક હતો, મેદાનમાં પોલીસ, હોમગાર્ડ, એન.સી.સી. ના કેટેડો અને શાળાના બાળકો શિસ્તબદ્ધ રીતે ઊભેલાં હતા, રાષ્ટ્રગાનની સૂરાવલી સંભળાતી હતી

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

શહેરમાં આજે ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનનો માહોલ હતો. ધ્વજવંદનના કાર્યક્રમમાં સામેલ થવા જરા વહેલો ઘરેથી નીખળ્યો. વાતાવરણમાં ઠંડક પ્રસરેલી હતી. બાળકો શાળાના ગણવેશમાં જતા હતા. સર્કલ પાસેના એક ખૂણે બે છોકરાઓ હાથમાં કાગળના રાષ્ટ્રધ્વજ લઇને ઊભા હતા. તેમનાં મેલાઘેલાં અને જર્જરીત કપડાં, વીખરાયેલાં વાળ ઉઘાડા પગ છતાં ચહેરા પર સ્મિત સાથે સ્વતંત્ર ભારતના પ્રજાસત્તાક શાસનના સીમાચિહ્ન રૂપ અને જેના માટે આપણે સૌ ગૌરવ લઇએ છીએ તેવો તિરંગો તે રૂપિયા... રૂપિયામાં વેચતા હતા. તેમને જોઇને સર્કલની વચ્ચોવચ્ચ ઉભેલા રવિશંકર મહારાજ ગાંધીના નામે વસેલા આ ગાંધીનગરનાં એ ભુલકાંને જોઇને જાણે હસતા હતા.

રાજદૂતની સ્પીડ વધારી હું હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આવ્યો. ત્યારે ધ્વજ વંદનનો કાર્યક્રમ શરૂ થઇ ગયો હતો. રાજય કક્ષાનો કાર્યક્રમ હોઇ માનવ મહેરામણ પણ ઘણો ઉમટ્યો હતો. કડક પોલીસ બંદોબસ્ત હતો. વળી સુરક્ષાને ઘ્યાને લઇ કેટલાંક લોખંડના માંચડાઓ પણ બનાવવામાં આવ્યા હતા. તેના પર ભરી બંદૂકે ઊભેલા સુરક્ષાકર્ણીઓ બાજ નજરે આખા સમારોહ સ્થળ પર ધ્યાન આપતા હતા.

લોક ભીડને ચીરતો હું જરા આગળ વધ્યો. મંચસ્થ મહાનુભાવો અને ધ્વજવંદના જોવા હું ઉત્સુક હતો. મેદાનમાં પોલીસ, હોમગાર્ડ, એન.સી.સી. ના કેટેડો અને શાળાના બાળકો શિસ્તબદ્ધ રીતે ઊભેલાં હતા. રાષ્ટ્રગાનની સૂરાવલી સંભળાતી હતી. ત્યાં અચાનક સહેજ ચક્કર આવતા હોય તેમ લાગ્યું. વધું કંઇ સમજાય તે પહેલાં પગ નીચેની જમીન સરકતી હોય તેવું લાગ્યું. મારી જેમ બીજા લોકો પણ લથડીયાં ખાવા લાગ્યા. કેમ કે જમીન પર પગ ટકાવી શકાતા ન હતા. એક અફરાતફડીનો માહોલ સર્જાયો. શું બન્યું? તે કંઇ સમજાતું ન હતું. આતંકવાદી હુમલાની આશંકાથી સુરક્ષા કર્મીઓ ચોકન્ના થઇ ગયા. પણ કોઇને કંઇ સમજાતું ન હતું. ગણતરીની સેકન્ડોમાં બધું હચમચી ગયું હતું. લોકો જયાં જગ્યા મળી ત્યાંથી ભાગવા લાગ્યા હતા. થોડી જ વારમાં પહેલાં જે આનંદ, ઉમંગ અને ઉત્સાહ હતો તો આશ્ચર્ય, વિસ્મય અને ઉદ્વેગમાં ફેરવાઇ ગયો હતો. સૌ કોઇને વિચારતાં કરી મુકે તેવી એ પરિસ્થિતિ હતી. ત્યાં તો વાત એવી આવી કે ભૂકંપ થયો છે. ધરતી ધણધણીને શાંત થઇ ગઇ હતી. પણ માનવ મનને આંદોલિત કરી ગઇ હતી. છતાં ધ્વજ વંદન થયું. અને પછી બધાં વિખરાયાં સૌ પોતપોતાના ઘર તરફ દોટ મુકી જતાં હતા. ત્યારે હું તો રાજદૂતને કીક મારી પ્રકૃતિ ઉદ્યાન તરફ ચાલ્યો.

રસ્તો સૂમસામ હતો. ક્યાંક કોઇ વાહનો કે માણસો આવતાં જતાં દેખાતા હતાં. તેમની આંખોમાં સ્પષ્ટ ભય વર્તાતો હતો.

પ્રકૃતિ ઉદ્યાનના દરવાજામાં હું પ્રવેશ્યો ત્યારે મેં જોયું તે ફરવા આવેલા મુલાકાતીઓ ઝડપથી બહાર જતા હતા. આ ભૂકંપ અહીં જ થયો હશે કે બધે જ તેની અસર થઇ તે પ્રશ્ન હું મનમાં ગુંચવાયો હતો.

રાજદૂત લઇ હું પાર્ક વોર્ડન કચેરી પાસે આવ્યો. ઊભો રહ્યો ત્યારે પગે સહેજ લંગડાતો ગોવિંદ દોડતો દોડતો મારી તરફ આવતો દેખાયો.

'સાહેબ... સાહેબ... હમણાં આ આખું તળાવ હળતુ હતું. જૂઓ તેનું પાણી પણ છળકાઇને બહાર આવી ગયું છે. તેણે એક શ્વાસે કહ્યું. તેની આંખોમાંથી ભય હું જોઇ શકતો હતો.'

'અને આ જૂઓ સામે મેટલનો ઢગલો હતો એ પણ સાવ વિખરાઇ ગયો છે.' તેણે મને બતાવ્યું.

'બીજુ કશું?'

'ખબર નથી. મને તો એકદમ ચક્કર આવ્યા હોય એવું લાગેલું.' જમીનમાં નીચેથી કંઇક પસાર થઇ રહ્યું હોય એવો ભાસ થયો હતો.' ગોવિંદ આ વાત કરતો હતો. ગોવિંદ આ વાત કરતો હતો ત્યાં વિશાળ પક્ષીગૃહ તરફથી ભગવાન અને રણજીતને મેં આવતા જોયા. ભગવાન ઠાકોર વિશાળ પક્ષીગૃહમાં જ કામ કરે છે.

'ભગવાન, પક્ષીગૃહમાં કેવું છે?'

'સાહેબ, બધા કહે છે કે ભૂકંપ આવ્યો છે. બધું જ ખુબ હલતું હતું. પક્ષીગૃહની તલાવડીઓના પાણી પણ છલકાઇને બહાર આવી ગયેલા છે.'

'અને પક્ષીઓ?' મેં પુછ્યું.

'ભૂકંપ આવતાં પહેલાં જ પક્ષીઓ તો ઊડાઉડ કરવા લાગ્યા હતા. કદાચ તેમણે અંદેશો આવી ગયો હશે.' ભગવાને કહ્યું.

'સાહેબ ભગવાનની વાત સાચી છે. હું જયાં કામ કરું છું એ હરણનાં પાજરાંમાં હરણાં પણ દોડાદોડ કરતાં હતા.' રમજીતે કહ્યું.

'ઓહ! પાંજરાને કંઇ નુકશાન તો નથી થયું ને?'

'ના... હરણનાં પાંજરાઓને તો કંઇ નુકશાન થયું નથી. પણ સરદાર કહેતો હતો કે જીમ્મીના પાંજરાની ઓરડી દિવાલમાં તિરાડ પડી છે.'

'સરદાર કયાં છે?'

'એ તો ત્યાં જ ઊભો છે. જીમ્મી રઘવાયો થયો. જો પાંજરાને વધુ નુકશાન થયું હોત તો તો કદાચ એ બહાર નીકળી ગયો હોત.' રણજીતે કહ્યું.

'ચાલ આપણે ત્યાં જઇએ.' મેં કહ્યું એટલે એ મારી સાથે ચાલવા લાગ્યો.

જોતાં જીમ્મીના પાંજરાને વધુ નુકશાન થયું નથી. એ જાણી મને જરા સંતોષ થયો. પ્રકૃતિ શિક્ષણ શિબિરો પણ ચાલુ હતી પણ ૨૬ મી જાન્યુઆરીની રજાને કારણે કોઇ સ્કુલનાં બાળકો આવ્યાં ન હતા.

બપોર સુધી ફરીને બધાં જ પ્રાણીઓનાં પાળીઓ અને મકાનોનું મેં અવલોકન કર્યું. આમ તો પ્રાણીઓ આ પક્ષીઓની જાળવણી કરનાર વાઇલ્ડ લાઇફ પાર્ક કીપર રસિકભાઇ અને નુરમહંમદ ઠેબા હોય છે જ. પણ રસીકભાઇ વાઇલ્ડ લાઇફની ટ્રેનિંગમાં અમદાવાદ કાંકરીયા ઝૂ ખાતે ગયા હતા જયારે નુર મહંમદ દરિયાઇ પક્ષીઓ અંગેનો અભ્યાસ ટૂકડી સાથે જામનગર ગયેલા હતા.

બધું ફરીને હું જયારે પાર્કની કચેરીએ આવ્યો ત્યારે જોયું તો લોકોના ટોળેટોળાં પાર્કમાં આવતાં હતા. બોટનીકલ ગાર્ડનમાં કેટલાક લોકો સુતા હતા. સૌના ચહેરા પર ભય વર્તાતો હતો. તેથી શું હકીકત છે તે જાણવા હું એ તરફ ગયો.

'કેમ થાકી ગયા છે?' ત્યાં સૂતેલા એક ભાઇને મેં પ્રશ્ન કર્યો.

'ના... ના... બરબાદ થઇ ગયા છીએ. જીવ કાઇ માંડ ભાગીને અહીં આવ્યા છીએ.'

'કેમ?'

'આ ભૂકંપ ભયંકર છે. અમારા ઘરની સામે બહુમાળી મકાનો ને પત્તાના મહેલની જેમ જમીનદોસ્ત થતા અમે જોયા છે.' તેમની આંખો ચકળવકળ થતી હું જોઇ શક્યો.

'સાહેબ મગજમાં હજુ બધું હલી રહ્યું હોય તેવું લાગે છે.' પેલા ભાઇની બાજુમાં બેઠેલ તેની પત્ની કહ્યું.

'અંકલ, અમારું ઘર પડી ગયું પણ મારા ફ્રેન્ડનાં ઘરનો આખો માળ જમીનમાં ઊતરી ગયો છે. એનું બિચારાનું શું થયું હશે?' તેમની સાથે રહેલ ચૌદ પંદર વર્ષનો છોકરો બોલી પડ્યો.

'તો હવે?'

'હવે શું. ઉપર આભ ને નીચે ધરતી.'

'તમે અહીં કેવી રીતે આવ્યા?' મેં પુછ્યું.

'આ સામે મારૂતિ ગાડી પડી છે તે અમારી છે. ઘરમાં જે કંઇ ઉપયોગી અને જરૂરિયાતની ચીજો હતી તે લેવાય તેટલી લીધી. પછી પત્ની તરફ ઇશારો કરતાં કહે. 'આને મેં ના પાડી કે દાગીનામાં જીવ ન નાંખ જો ફરી હલશે તો જીવી જઇશું પણ માને જ નહીં ને તેણે પોટલું વાળી લીધું છે.'

'સાહેબ સાચું કહેજો મુસીબતના સમયમાં પેલી કહેવત છે કે 'ગરત ગાંઠે ને વિદ્યા પાઠે'' આ હશે તો કામ લાગશે. પેલા બહેને સ્ત્રી સહજ સમજદારીની વાત કરી.

'અહીં આવ્યા ત્યારે લોકો પાસેથી એવું સાંભળ્યા મળ્યું કે કચ્છમાં ભૂકંપની બહુ જ અસર થઇ છે. નુકશાન પણ ખુબ થયુ છે.' પેલા ભાઇએ મને માહિતી આપી.

'સારું... મારા લાયક કંઇ કામ હોય તો કહેજો.'

'બસ... અહીં સલામત બેસવા દેજો.'

'ભલે... ભલે.... બેસો આરામથી.' કહીં હું ત્યાંથી નીકળ્યો. ત્યારે મને વિચાર આવ્યો કે સેકટર-૨૯ના અમારા ફ્લેટની શું હાલત હશે. જરા વાર માટે તો હું વિહ્વળ થઇ ગયો. રાજદૂતને કીક મારી ઘર ભણી ચાલતો થયો. તે પહેલાં માણસોને જરૂરી સૂચનાઓ આપી. અને હું નીકળ્યો. તે વખતે ગણતંત્ર દિવસના કાર્યક્રમના ઉદ્ઘોષક ઉદય વૈષ્ણવ મને સામે મળ્યાં.

'ક્યાંથી આવો છો?'

'પ્રકૃતિ ઉદ્યાનથી...'

'તમે પણ ખરા છો હોં! ભૂકંપના ભયથી સૌ ઘર તરફ ભાગતા હતા. ત્યારે મેં જોયું કે તમે પાર્ક તરફ જતા હતા. મેં તમને જોયેલાં.' ઉદય ભાઇએ કહ્યું.

'હા, એ તો સારું છે કે અમારા જીમ્મીના પાંજરાને કંઇ નુકસાન થયું નથી. પણ જો એ બહાર નીકળી ગયો હોય તો તેની કલ્પના કરી જૂઓ.' મેં કહ્યું. 'હવે મને સમજાયું.' એ બોલ્યાં.

# વડોદરાના બી.ઇ (મિકેનીકલ) બિઝનેસ મેને. (ડિપ્લો)ની ડિગ્રી ધરાવતા ઉદ્યોગકાર પણ ઉમદા કવિ, લેખક કીર્તિકાંત પુરોહિત

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ભીનાશનાં હસ્તાંક્ષર (ગઝલ સંગ્રહ) અને 'વળાંક પર' (કાવ્યસંગ્રહના) સર્જક કીર્તિકાન્ત પુરોહિત માત્ર વડોદરામાં જ નહીં પણ ગુજરાતમાં તેમની લેખિની જાણીતા બન્યાં છે. બી.ઇ. મિકેનિકલ એન્જી.ની તેમજ બિઝનેશ મેનેજમેન્ટ ડિપ્લોમાંની ડિગ્રી ધરાવતા પુરોહિત ઉમદા ગજાના, મળવા જેવા માણસ છે.

ઉદ્યોગ વિશ્વની વચ્ચે રહીને પણ ગુજરાતી સાહિત્યમાં કાવ્ય, ગઝલ અને લઘુકથા લેખન ક્ષેત્રે સતત અપડેટ થતાં રહેતાં કીર્તિકાન્ત પુરોહિત પ્રતિષ્ઠિત સામયિકો અને દૈનિકોમાં દેખાયા કરે છે.

ક્રિટોન વેલ્ડ ઇક્વીપમેન્ટ્સ પ્રા.લિ.ના ચેરમેન પદે સક્રિય રહેતા પુરોહિત પૂર્વે મક્કરપુરા ઇન્ડ્રસ્ટીઅલ એસ્ટેટ કો.ઓપ. બેંકના પૂર્વ વાઇસ ચેરમેન છે. મક્કરપુરા ઇન્ડ. એસ્ટેટ ઇન્ફ્રાસ્ટકચર એસો.ના પૂર્વ સેક્રેટરી, લાયન્સ કલબના પૂર્વ પ્રમુખ, નાગરિક ફોરમ અને આર. ડબલ્યુ. એમ. એના (યુએસએ) સભ્ય પણ છે.



વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા કીર્તિકાન્ત પુરોહિત સૌમ્ય, મિલનસાર અને પરગજ્જુપણાની ભાવના ધરાવતા ઉમદા વ્યક્તિત્વથી સૌમાં પ્રિય છે. ૭૦ વર્ષ વટાવી ચુકેલા પુરોહિત પૂ. મોરારિ બાપુ પ્રેરિત અસ્મિતા પર્વમાં મહુવા મુકાવે કાવ્ય પઠન કરી પૂ. બાપુના આશીર્વાદ મેળવી ચુક્યા છે. સૌમાં પ્રિય, સૌ તમને પ્રિય એવાં પુરોહિત યુ.એસ.એ., કેનેડા, જર્મની, ચાઇના, યુ.એ.ઇ, ઇન્ડોનેશિયા, સિંગાપોર અને નેપાલના પ્રવાસે જઇ આવ્યા છે. તેઓ વડોદરાની સાહિત્ય સંસ્થાઓ સાથે પણ સતત જોડાયેલા રહ્યા છે અને આજેય જોડાઇને રહે છે.

'ધબક', 'શબ્દસૃષ્ટિ', 'કવિલોક,' 'પરબ', 'અખંડ આનંદ, ગુજરાતી દિપોત્સવી વ. લબ્ધ પ્રતિષ્ઠિત સામયિકોમાં એમની રચનાઓ ભાવકોને વાચવા મળે છે એ બતાવે છે કે કવિ - લેખક કીર્તિકાન્ત પુરોહિતની કલમ સક્રિય છે. તેમની ગઝલના બે શે'અર જોઇએ,

સારને પ્રસ્તારની વચ્ચે ઊભો છું હું,
ધારને મઝધારની વચ્ચે ઊભો છું હું.

જીવન સાગરમાં જયારે માણસ કિનારે અને મધ્ય દરિયે ઊભો રહે ત્યારે તેના ચિંતન માટેની ક્ષણ ઘણી મહત્ત્વની હોય છે. કવિ સંસાર જીવનનું ચિંતન પણ સરસ રીતે વ્યકત કરે છે,

શ્વાસના જપતાલ પર તાલી વગાડો,
ક્ષણની ઘુંઘરમાળ પર તાલી વગાડો.

તાલ, ઘુંઘર, દિગ્દર્શન, સંવાદ, નાટક, દૃશ્ય, પટકથા અને નૃત્ય જેવા વિષયો ગઝલના છ શે'અરમાં વ્યક્ત કરીને દાદ મેળવી જાય છે. કવિનું ચિંતન, નિરીક્ષણ મજાનું છે, હૃદયને પુલકિત કરે છે.

કવિ - લેખક અને ઉમદા મિત્ર કીર્તિકાંત પુરોહિતની સ્વસ્થતા, પ્રસન્નતા કાયમ ટકી રહે તેવી દિલથી શુભકામના તેમના મો. નં છે. ૯૮૭૯૧૧૪૨૯૮